Volume-2, Issue-5, May-2015 ISSN: 2349-7637 (Online)

RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# સૉનેટમાં હ્રદય સંવાદ સાધતો કવિ : દેવેન્દ્ર દવે

(‘ખંજન’ દેવેન્દ્ર દવે, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃતિ-૨૦૦૭, મૂલ્ય-૮૦)

Magan Parmar
Research Scholar,
Post-Graduate, Dept of Gujarati,
Sardar Patel University,
Vallabh Vidhyanagar, Gujarat (India)

---

“સૉનેટ ભેટ ધરતો અણમોલ છાબ,
સ્વીકાર આજ કાર તું મુંજ આફતાબ”(પૃ.૨)

પંક્તિથી સૉનેટ સાથે નિસબત ધરાવતા કવિ દેવેન્દ્ર દવે અનુઆધુનિક ધારાના સૌંદર્ય કવિ છે. કવિ દેવેન્દ દવે નવોદિત કવિ નથી, તેમનો પ્રથમ કાવ્યસંચય ‘નજીક’ કવિલોકની નવ્યકાવ્ય શ્રેણીમાં ૧૯૯૫માં પ્રગટ થયો હતો. વાણિજ્ય સાથે લગાવ રાખનારા કવિએ પોતાનો હ્દય સંવાદ ઊર્મિકાવ્યના સૉનેટ સ્વરૂપમાં ઢાળ્યો છે. કવિએ ‘નજીક’ કાવ્ય સંચયમાં પણ માતબર કહી શકાય એટલા સોનેટો આપ્યા છે ત્યારબાદ તેમનો આ ‘ખંજન’ કાવ્ય સંચયમાં પણ સૉનેટ ખેડયા છે ત્યાં તેમની આ સૉનેટ રચનાની ફાવટ આપણને આકર્ષા વગર રહેતી નથી. તેમની રચનાઓ ‘પરબ’,‘કુમાર’,‘બુદ્ધિ પ્રકાશ’,‘કવિલોક’, જેવા સામયિકોમાં અવાર નવાર પ્રગટ થતી હોય છે. અહીં તેમની શબ્દ સાધના, કાવ્યપ્રીતિ સ્પષ્ટ જોઈ શકાય છે.

‘ખંજન’ કાવ્ય સંચયમાં કુલ ૯૩ જેટલી રચનાઓ છે. જેમાં મોટાભાગની રચનાઓ સૉનેટ છે, બાકીની ગીતો, મુક્તક અને અછાંદસ રચનાઓ છે. આ સંચયની બધી જ રચનાઓ ગુજરાતી સામયિકો- સંપાદનમાં પ્રગટ થયી ચૂકી છે, તો કેટલીક કૃતિઓ ઇનામી છે. તે કવિ દેવેન્દ દવેની કાવ્ય સાથેની નિસબતતા અને લગાવને પ્રગટાવે છે. કવિની રચનાઓ જોતાં કેટલીક રચનાઓમાં ઉમાશંકર, બાલમુકુન્દ દવે જેવા કવિઓની અસર સ્પષ્ટ વર્તાય છે. કવિ દેવેન્દ્ર દવેની શબ્દયાત્રા પ્રેમ, પ્રકૃતિ, મૃત્યુ અને ઈશ્વરીય તત્વ સુધી વિસ્તરી છે તો, કલા સાથેની શબ્દસાધના પણ નજર અંદાજ કરવા જેવી નથી.

કાવ્ય ગ્રંથમાંનું પ્રથમ ‘અંતે’ કાવ્ય જ કવિ બાલમુકુન્દ દવેની રચના ‘જૂનું ઘર ખાલી કરતાં’ની સહજ યાદ અપાવી જાય છે. અહીં કવિની જૂના ઘરની કેટલીક પુરાણી વસ્તુઓ પ્રત્યેનું લગાવપણું અને પોતાની બા સાથેના સંસ્મરણો કેન્દ્રમાં છે. જુઓ;

“વેચી દીધું ઊધડુંસધડું એક સૉદા મહીં જ,
નેં મેં લીધી કડકડતી નોટો કબાડી કાનેથી
અર્ધા ભાગે અનુજ કરમાં મૂકતા-બેઉં કંપ્યા:
બા, શું તારા ઋજુ હ્રદયના ભાગ પાડી જ જંપ્યા?!(પૃ.૧)

અહીં ઘરની જૂની ચીજવસ્તુઓ પ્રત્યે બાનો લગાવ કેવો તીવ્ર હતો તે સાથે અહીં બે ભાઈ વચ્ચે સંપતિની વહેચણી કાવ્યમાં સાંપ્રત સમયના સામાજિક વાતાવરણને તાદર્શ કરે છે. તો, ‘લે !’ જેવા કાવ્યમાં કવિની કાવ્ય સાથેની નિસબતને પ્રગટ કરે છે. અહીં કાવ્ય કવિની જિંદગી સાથે કેવું અદ્દભુત રીતે વણાઈ ગયું છે તેનો આ કાવ્ય પરિચય કરાવે છે. તો, નોકરી સાથેની નિવૃત્તિની ક્ષણોને કવિએ ‘નિવૃત્તિ વેળાએ’ જેવા કાવ્યમાં કેદ કરી છે. અહીં  જિંદગીના – વ્યવહારના સ્થૂળ નિયમો-બંધનો માંથી મુક્ત થવાનો સહજ આનંદ અહીં પ્રગટ થયો છે. જુઓ;

“પત્યું ! છેલ્લો દહાડો ખતમ , આવ છુટ્ટા પવન-શું?
લહેરવું ! કાલે નહિં સમય – બેડી જકડશે!
ન ચેકો – ફાઈલે ડૂબવું, તરવું કાગળ પરે
નર્યા સંઘર્ષો ના વિથક દરિયા પાર કરવા!(પૃ.૩)

અહીં મુક્તિનો આનંદ છે તો, પરમતત્વ સાથેનું લગાવપણું ‘પરમ લયનું ગાન’ કાવ્યમાં આવિષ્કાર પામ્યું છે. ‘કવિનું વસિયતનામું’માં સાંપ્રત સમયમાં ચાલી રહેલા ભાઈઓ વચ્ચેના સંઘર્ષો, કલહ, સંપતિ વહેચણીનો સૂર આ કાવ્યમાં છે.

એક નવોઢા સ્ત્રીની પોતાના પતિ પ્રત્યેની એક મીઠી લાગણી-તલસાટ, મીઠી નારાજગી ‘લ્યો આવજો’ કાવ્યમાં કાવ્યત્વ પામી છે. જુઓ;

“હું તો પડી પિયરમાં રહી ગાળવાની
વર્ષો..! ભલે ખબર-અંતર પૂછશો ના..!

ચિઠ્ઠી-ચપાટી લખતાંતમને-હું-જાણું-
આવે જ ચૂંક.......(પૃ.૬)

અહીં પોતાના પિયરમાં રિસાઈને બેઠેલી નવોઢા પોતાના ભરથાર – પ્રિયતમ પોતાને મનાવી પાછી સાસરે લઈ આવે એવી નાયકની ઉત્કંઠના પણ કાવ્યાન્તે સ્પસ્ટ જોવા મળે છે. તો, જીવનની ઘટમાળમાં આવતા અવાર –નવાર પડકારોને હસતે ચેહેરે ઝીલવાની ઝીન્દાદિલી સેવી છે તો, સાથોસાથ પુરુષાર્થ, વિશ્વબંધુત્વની ભાવના પણ કવિએ 'પડકાર' કાવ્યમાં ઝીલી છે. 'સિહોક્તિ' જેવા કાવ્યમાં પ્રવાસે આવેલા પ્રવાસી સાથેની ગોષ્ઠી આકાર પામી છે.

''હવે' કાવ્યમાં કવિનો પ્રકૃતિ સાથેનો આલાપ ગૂંથાયો છે. અહી સવાર ઉઘાડવાની વાત કવિએ પ્રતીક-કલ્પનો પ્રયોજીને તાજગી સભર રીતે કરી છે. સવારના રમ્ય વાતાવરણમાં ધરતી કેવી સૌંદર્ય સર્જે છે તે વિવિધ કલ્પનોથી મઢીને સવારને જુદો જ ઓપ આપ્યો છે. જુઓ;

"પ્રસન્ન આવ સત્ત્વથી મલપતિ નવી નાર-શી
ધરા, હરિત વર્ણની ચુનરી  ઓઢતી ઓપતી!(પૃ.૧૦)

તો, કવિએ 'વિદાય વીસમી સદી' જેવા કાવ્યમાં પલટતા – બદલાતા જતાં વિશ્વની તસવીર-તાસીરને કંડારી છે. અહીં દેશમાં થયેલા બે વિશ્વયુદ્ધો સાથેના સંવેદનને, કેટલીક દુર્ઘટનાઓને નજર અંદાજ કર્યા વગર કલાત્મક રીતે સંવેદન ઘૂટયું છે. તો, રામના વનવાસ સમયે પડછાયો બનીને ઊભી રહેનાર સિતા સાથેનો હૃદયસંવાદ અને શ્રીરામના પોતાની પત્ની સિતા પ્રત્યેના લગાવપણા–વલવલાટપણાને કવિએ 'નિભાવું રઘુરીતિને-' જેવા કાવ્યમાં ગૂથ્યો છે. જુઓ;

"હું જાણું : કપરા ઘણા દિવસ આજ એ ગાળતી
સગર્ભ-મુજ અંશને હરખ સાથ વેંઢારતી !(પૃ.૧૨)

ત્યજેલા પુત્ર પ્રત્યે વ્હાલપ કરતાં રામને બતાવી પિતૃનુરાગી રામનો અહીં કરૂણ વિલાપ કાવ્યનાં કેન્દ્રમાં છે. તો, એક સ્વપ્નશીલ નાયકનાં સંવેદનો કવિએ 'આશ્લેષોમાં' જેવા કાવ્યમાં ગુંથ્યા છે. અહીં પ્રિયતમાંના ઝાઝરનો ઝન્કાર સાંભળવા કેવો ટેવાયેલો છે કે તે ન સાંભળે તો દિવસ ગરીબ જેવો જવાની વાત કાવ્યમાં અનોખી રીતે કહેવાઈ છે સાથે, પત્ની પિયરથી પરત આવે અને વાતાવરણ કેવું પ્રફુલ્લિત બને છે તે બે ઘટના વચ્ચેનું સાયુજ્ય કાવ્યના કેન્દ્રમાં છે. તો 'હું તો અધીર' જેવા કાવ્યમાં નાયક પોતાની પત્નીમુખનો કલરવ સંભાળવાની તીવ્રતા-અભિલાષા વક્ત થઈ છે. તો પ્રિયતમાની યાદી રૂપે 'કશી ફૂલી ફાલી ...' જેવુ કાવ્ય પણ નોધપાત્ર છે.

'તમે જ્યારે જ્યારે-' જેવા કાવ્યમાં બાળપણના સંસ્મરણો સાથે જડાઈ ગયેલી પોતાની પ્રિયતમાં જ્યારે વર્ષો પછી વિખૂટી પડેલી પ્રિયતમાં સામે મળે છે, ત્યારે પ્રકૃતિના બદલાવ સાથે અહીં નાયકનો હૃદય તલસાટ – આવેગ, પ્રિયતમાને ફરી પામવાની ભાવના કાવ્યમાં તીવ્ર પણે પ્રગટ થઇ છે. જુઓ;

"હજી યે ચાહો તો ફરીથી ફરકે પાંદ ફળીયે,
ચગાવેલા ગીતે હજીય ઝળકે ચાંદ નાળિયે. (પૃ.૧૭)

અહીં નાયક પોતાની પ્રિયતમાને પોતાના જીવનમાં ભાગીદાર થવા ખુલ્લુ નિમંત્રણ નજર અંદાજ કરવા જેવુ નથી. તો, નાયિકા એક સ્મિત માત્રથી નાયકનો દિન ખીલેલા પુષ્પ સમાન પસાર થવાની વાત 'હજીયે પમરે' જેવા કાવ્યમાં કવિએ કરી છે. અહીં એક સપ્નવસ્થામાં પોતાની સૌથી સુંદરરાત્રિ કેવી રીતે પસાર થઈ જાય છે, તેનો ભણકાર પણ લાગતો નથી. તેની વાત પણ કવિએ સહજ કરી છે. તો, 'એક વૈશાખી બપોરે' જેવા કાવ્યમાં પરદેશ કમાવા ગયેલા પતિ વિહોણું ફળિયાનું માદક વાતાવરણ, વાતાવરણની પ્રતિક્રિયાઓ નાયિકાને કેવી વિહ્વળ કરી મૂકે છે, પતિની યાદી કેટલી તીવ્રપણે આવે છે અને પરત આવેલા પતિ પ્રત્યે કેવો વર્તાવ કરશે? તેનું કલ્પન ચિત્ર કાવ્યમાં સ્પષ્ટ કંડારાયું છે. જુઓ;

"વળ્યા પાછા – સામે હસું હસું થતી હું ધસમસું
ટાડા પાસે આવી આધાર પર ચૂમી ભરી મને
કશી ભીડી બાથે ! લહ લહ થતી શીટ લહેરી
મને ઘેરે એ..વી ઝબકું ! ઘર સૂને થરથરી...(પૃ.૧૯)

વૈશાખી મૃદુચિત્ર અહી કંડારાયું છે તો, પોતાની પ્રિયતમાની યાદમાં વિહ્વળ બનેલા નાયકની મનોવ્યથા 'કોળી રહેતી' કાવ્યમાં આકાર પામી છે. પોતાની પ્રિયતમાની યાદ નાયકને કેવી પજવી જાય છે તેની ઝાખપ આ કાવ્યમાં છે. જુઓ;

"સ્મરણ યદિ જો આવે : ભીના થતાં આધારો ફરી ,
પરિચય વધ્યો –હૈયે હૈયા ખીલ્યાં ગુલમ્હોર-શાં !"(પૃ.૨૦)

'કાવ્ય સર્જન ક્ષણે' જેવા કાવ્યમાં એક કવિની કાવ્ય સર્જનની કેટલીક મથામણો કાવત્વ પામી છે. તો, કવિ ઉમાશંકર જોશીની કવિતા 'જઠરાગ્નિ'ની યાદ અપાવતું કાવ્ય 'અક્ષરાગ્નિ' પણ કાવ્ય સંચયમાં નોધપાત્ર છે. અહીં કાવ્યમાં વાચક પ્રત્યનો લગાવ અને કહેવાતા સર્જક પ્રત્યે પોતાનો રોષ

પ્રગટ કર્યો છે. તો, 'દ્વિધા' કાવ્યમાં કવિએ કાવ્યની ચેષ્ટા કરીને ખોટી કિર્તિ ન મેળવવાની વાત સાથે કવિએ કવિતા ત્યહી પોતાનું હરતુદય વિખૂટું ન પાડવાની વાત સાથે અહીં કવિતા પ્રત્યેના લગાવપણ ને વ્યક્ત કર્યું છે. તેનો વલવલાટ પણ અહીં છે. જુઓ;

"ખાલીપાને – અખિલ જગના વ્યર્થ વ્હેવાર વચ્ચે

મારે નાની કલામ-તરીથી થાવું સંસાર પાર! (પૃ.૨૨)

કવિએ પોતાના પિતા સાથેના સંસ્મરણો 'ન કાળે કરી વહી….!' કાવ્યમાં ઘૂટયા છે. અહીં પોતાના મૃત પિતાની છબી ન પડાવ્યાના અફસસોસ–નિ:સાસો વ્યક્ત કર્યો છે. પણ તે છબી પોતાના હૃદયમાં વસ્યાનો આનંદ સાથે વિહ્વળતા વ્યક્ત કરી છે. 'ઘૂટી રહ્યો' જેવા કાવ્યમાં કવિએ પોતાની પત્ની સાથેની એકતાને તડપ્યાં કરતો કવિ નજરે પડે છે.

સમગ્ર સંચયમાં કવિએ 'વિરહ-૧' અને 'વિરહ-૨' આ કાવ્યોમાં કવિએ પોતાની પ્રિયતમાં સાથેની સુખદ પળોને સ્મૂર્તિરૂપે કંડારી છે. 'વિરહ-૧'માં કવિ પોતાની પ્રિયતમાંનું મલપતુંમુખ, તેની મૃદલવાણી તથા સાથે જીવેલી સુખદ ક્ષણોની યાદી સાથે એકલતામાં જીવતો નાયક કાવ્યમાં પ્રિયતમાં વિના વિહ્વળ બનેલો નિ;શ્વાસ નાખતો આમતેમ ફરી રહેલો નજર પડે છે. જુઓ;

"બધું સૂનું સૂનું તમ વિણ સખી! ના કળ જરી .

નર્યા નિ: શ્વાસો સમાદર સામા શ્વાસ ભરતો

એકલો જાણે હું પવન સમ જ્યાં ત્યાં ઘૂમરતો…(પૃ.૨૬)

તો, 'વિરહ-૨'માં દરેક ઋતુઓમાં નાયકનું સંવેદન કેવું તીવ્ર બને છે તેનું આલેખન થયું છે. તો, કવિએ પોતાના વીતી ગયેલા સુખદ દિવસોનો અફસોસ 'વીતી ગયા' કાવ્યમાં કેન્દ્રિત થયો છે. 'સૌ નાકામ' કાવ્યમાં કવિએ મનુષ્ય તરીકે અવતરેલા જીવોને પ્રાણી તરીકે નહીં મનુષ્ય તરીકે વર્તવા કહે છે. પૃથ્વી પરના બીજા જીવો સાથે સહાનુભૂતિથી વર્તવા અનુરોધ કરે છે. જુઓ;

"યા આસમાન લગ તું ભર છો છલાંગ,

ના લૂછ અશ્રુ, પીડ ના હર. સૌ નાકામ…!"(પૃ ૨૯)

અહીં સૃષ્ટિ પરના અન્ય જીવો સાથે સહાનુભૂતિથી વર્તવા કવિનો આ કાવ્યમાં સ્પષ્ટ અનુરોધ છે. કાવ્યમાં કવિએ સૃષ્ટિના પામર જીવો પ્રત્યેના પોતાનો લગલીભાવ અહીં નિરુપ્યો છે.

'પિતાનો પત્ર' જેવા કાવ્યમાં કવિએ વૃદ્ધાશ્રમમાં વસતા એક વૃદ્ધની મનોવેદનાને વાચા આપી છે, સાથે પુત્રની માતા એટલેકે પોતાની પત્ની સાથેની સુખદક્ષણોને પોતાની પાપણમાં સાચવી બેઠેલા પિતાની વેદનાને વાચા આપી છે અને પોતાના પુત્રને કરવામાં આવેલી વિનંતી પણ અહીં કાવ્યને આગવી કળા અર્પે છે. જુઓ; "લખું : છેલ્લે જ્યારે શ્વસન મુજ ખૂટે-અલવિદા-

કહીન ચાંપી જજે પરમ-વરદા અંતિમ ચિતા!"(પૃ.૩૦)

તો, 'વનમાં' જેવા કાવ્યમાં કવિએ એક વૃદ્ધ કવીમન કેવું તાજાપનો અહેસાસ કરે છે , કેવી તાજગી ભરી રીતે વિહરી રહ્યું છે તેનો આનંદ પ્રગટ કર્યો છે.

'તદા પ્રગતિ આપણી' જેવા કવિમાં કવિએ મનુષ્યે કરેલી પ્રગતિના આનંદ સાથે સંવેદન શૂન્ય બનતા મનુષ્ય પ્રતિ ચિંતા પણ વ્યક્ત કરી છે. મનુષ્યે કરેલી પ્રગતિ ક્યારે સફળ થઈ ગણાય તો ? તેના પ્રત્યુત્તર રૂપે કવિ કહે છે કે- "સદા સ્મિત ભર્યા વસે નિકટ હોંસથી કર્મમાં,

તદા પ્રગતિ આપણી સફળ હું લહું મર્મમાં." (પૃ.૩૩)

કાવ્ય સંચયમાં કવિએ 'ધક્કો-૧,૨' શિર્ષકથી પણ બે કાવ્યો રચ્યા છે. અહીં કાવ્યમાં કવિએ પોતાના બાળપણના સંસ્મરણો, પોતાના ભાડાના ઘર સાથેની સ્મૃતિઓ , બાળપણની રમતો, પોતાની બહેન સાથેની નટખટ રમતો કાવ્યત્વ પામી છે, આકાર પામી છે. વનવાસ દરમ્યાન સુવર્ણ મૃગ મારવાની રામની વ્યથા 'પરંતુ ઉરમાં વ્યથા' કાવ્યમાં રજૂ થઈ છે.

કવિ દેવેન્દ્ર દવે પોતાના જન્મ દિવસની ક્ષણો "ફાલ્ગુની અમાસ-જન્મદિને" જેવા કાવ્યમાં કેન્દ્રસ્થ થઈ છે. અહીં અમાસની પ્રથમ ચાંદા વિનાની રાત્રિએ પોતે લીધેલા શ્વાસની મનોવ્યથા સાથે અહીં કવિને મન જીંદગીની યાત્રાનો હરખ અહીં ચિત્રિત થયો છે. તો, 'અનુભવી રહો..' જેવા કાવ્યમાં ક્લેશ વચ્ચે, અવગુણો વચ્ચે કવિ મને જે મધુર સંવાદ રાખ્યો તેનો આનંદ વ્યક્ત થયો છે. તો,કેટલાક સમાજમાં જનોઈ ધારણ કરવાની પરંપરા, દુન્યવી ઢોંગ પ્રત્યેનો કવિનો વિદ્રોહ 'અનાયાસે ખુલ્લું' જેવા કાવ્યમાં છે. જુઓ;

"સખી કહેતી , "થોડું પ્રભુ ભજનમાં દધ્યાન ધરતા

જતું શું ?"હું સામે દલીલ કરી પાછો બબડતો:

"ઉરે એની ભાળું છબિ સતત – શાને વિધિ બધી?!"(પૃ ૩૯)

અહીં બાહ્ય દેખાવ કરતાં આંતરઆત્માથી પ્રભુને પામવાની વાત કવિએ ગૂંથી છે. તો, સાંપ્રતસામયની ટ્રાફિક જેવી સમસ્યાના પ્રશ્નને કેન્દ્રમાં રાખી રચાયેલું કવિ 'સાંજ ટાણે' કાવ્ય પણ નોધપાત્ર છે.

કવિ દેવેન્દ્ર દવેનો આધ્યાત્મભાવ- પ્રકૃતિને પામવાનો ભાવ 'વિનવણી' જેવા કાવ્યમાં ઘૂટાયો છે. અહીં કવિની પ્રભુ પ્રત્યેની મીઠી વિનવણી જોવા મળે છે. મનુષ્ય અવતાર ધરવા કરતાં સદા પરોપકારી વૃક્ષ બનવાની કવિની અભિલાષા-વિનવણી પણ પ્રગટ થઈ છે.જુઓ;

"પ્રભો ! મારી છેલ્લી વિનવણી જરા કાન ધારાજે ;

કદી ના વાણીનાં ગરલ સરખાં 'દાન'કરજે! (પૃ.૪૧)

તો, 'તને શી ખાત્રી કે-' જેવા કાવ્યમાં વિતેલા દિવસો પાછા ન મળવાની વેદના સાથે અહીં જો વિતેલા દિવસો પાછા મળી જાય તો કવિ કેવી રીતે વિતાવે તેનું કલ્પન ચિત્ર અહીં ખડું કર્યું છે. વિતેલા વર્ષોમાં કરેલી ભૂલો માટે ક્ષમા ચાહતા કવિ પછી એ ભૂલો, બીજી નવી ભૂલો નહિં થાય તેની ચિંતા સેવતા કવિ નજરે પડે છે.તો, કવિના બાળપણના – કિશોરાવસ્થાના કેટકલ સંસ્મરણો 'થૂઈ થપ્પા' કાવ્યમાં સંયોજન પામ્યા છે. તો, કાવ્યન્તે કવિએ પ્રયોજેલો મૃત્યુનો ભાવ આગવા દ્રષ્ટિકોણ સાથે પ્રગટ થયો છે. સાથે વર્ષો પછી વતન પરત ફરેલા કવિનો ઘર અને વતન તરફનો અનુરાગ 'વિપર્યાસ' કવિના કેન્દ્રમાં છે. અહીં ઘરની ગાર, લીંપણ, ભીંતો,પાણિયારું વગેરે પર થતી અસર, કવિએ પ્રયોજેલા સજીવારોપણ કાવ્યમાં નોખો ભાવ લઈને આવે છે. 'ઉઠાવ! તવ શસ્ત્ર તું..' અહીં મહાભારતના કેટલાક પૂરકલ્પનો પ્રયોજીને મનુષ્યને સત્યના રક્ષણ માટે પોતિકો આવાજ ઉઠાવવાની વિનવણી છે. 'પર્જન્ય ઉપાલંભ' કાવ્યમાં કવિએ વર્ષાઋતુના પ્રકોપને કાવ્યત્વ આપ્યું છે તો, કાવ્યન્તે ચોમાસામાં અચાનક ફૂટી નીકળતા દેડકાઓને કવિઓ સાથે પ્રયોજીને કવિઓની નિરથક કાવ્યસર્જન પ્રતિ અફસોસ-દુખ વ્યક્ત કર્યું છે. તે પ્રતિ પોતિકો સૂર પુરયો છે.

'ક્યહી ઝૂરે રાધા' જેવા કાવ્યમાં કવિએ રાધાજીની કૃષ્ણમિલનની વિહ્વળતા જોવા મળે છે. તો, 'આ ઉમરે ય?' કાવ્યમાં કવિની પોતિકા ઘરની યાદી, વતનપ્રેમ, વર્ષો વિત્યા પછી પણ કવિને કેવી વિહ્વળતા આપે છે તેનું પરિચયક છે. શાંકુંતલા અને દુષ્યંતના પ્રણય ભાવ, વિરહ વેદનાના વસ્તુને લઈને કવિએ રેચલ કાવ્ય 'નયન ન્હોતે છલકતા !' સંચયમાં નોધપાત્ર છે. અહીં અંગૂઠી આપવાની વાત કવિના કેન્દ્રમાં છે. જુઓ;

"ન અંગૂઠી અર્પી હત, ક્દિય ના ભૂલ મુજથી

થતે ખોવાવાની, ગડમથલ ના થાત નૃપને," (પૃ.૫)

અહીં પ્રિયતમાંની યાદમાં આંસુ ન વહેવાની વાત અહીં પ્રતિકાત્મક રીતે કહેવાઈ છે. તો, 'આલેખ લખતી' જેવા કાવ્યમાં કવિએ પોતાની પ્રિયતમાં સાથે જીવનના અંતિમ શ્વાસ સુધી દુન્યવી દુ:ખો વિસરીને સુખદ ક્ષણો પોતાની પત્ની સાથે માણવાનો આલેખ આ કાવ્યમાં છે અને 'દીપ પગલાં' જેવા કાવ્યમાં દિવાળીના આગમન  સાફ-સફાઈના દિવસોમાં પત્ની સાથે ગાળેલી નટખટ પળો કાવ્યના કેન્દ્રમાં છે. જુઓ;

"જરા ખેચું એને દઉં સહજ આલિંગન, પછી

સમાવું છાતીમાં જલધિ જળમાં સોહ્ય સરિતા !

ક્ષણો થીજી – ચેહરે હસું હસું થતો વક્ષસ્થલમાં

કહે : 'ધોળે દહાડે ?! બસ બહું થયું, લ્યો અડપલાં. (પૃ.૫૩)

તો, કવિએ પોતાના નિજી જીવનની વેદના – નોકરીમાં વધું પડતાં તણાવ, એકલતાને 'પત્ર'ના માધ્યમથી પત્નીને લખ્યા છે. જેમાં તેમની વિહ્વલતા સ્પષ્ટ જોવા મળે છે અને કવન્તે કવિ પોતાનો જે ભાવ રજૂ કરે છે તે પણ જોવા જેવો છે- જુઓ;

"જાગું સવારે ગુલમોર નેણે,

થતું : પધારે જલદી સખી, તો

ના પત્ર સુકકા લખવા ધખારે

પીળાં ખરે પર્ણ છાતી બહારે ! (પૃ.૫૫)

પોતાની પત્નીની એકલતા સાથે કવિએ અહીં ઓફિસના કામોને લઈને પોતાની વિહ્વળતા સ્પષ્ટ કરી છે. 'ચાલો હવે' જેવા કાવ્યમાં સાંપ્રત સમયના સ્વાર્થી લોકોથી દૂર જ્યાં પ્રકૃતિના તમામ તત્વોનો કલરવ હોય ત્યાં વસવાની ઉત્કંઠના સેવી છે., સ્વપ્ન સેવ્યું છે. તો, યુગોથી વેંઢતા કવિના હૃદયમાં છુપાયેલો પોતાની પ્રિયતમાની યાદિનો કેફ અચાનક કેવો તીવ્ર બને છે. તેનું નિરૂપણ ' ઢબૂરી ડે' જેવા કાવયના કેન્દ્રમાં છે. અને તે દિવ્યપ્રકૃતિના તત્વોથી કેવું શમન- ઢબૂરાઈ જાય છે. તે ભાવ પણ સહજ નિરૂપણ પામ્યો છે. તો, પ્રિયતમાં વિના વિહ્વળ બનતો નાયક'  એકલો ઘૂમું હું' જેવા કાવ્યમાં પ્રત્યક્ષ થાય છે. અહીઓન કવિએ પોતાની પ્રિયતમાં સાથે કુસુમ જેવી મૃદુક્ષણો ગાલયનો હરખ સાથે આકરા શબ્દોમાં વ્યક્ત કર્યો છે. જુઓ;

"ગઈ તું એકાંત, તફડી મત્સ્ય સરખો

વિના પાણી ઝન્ખુ મરણ- પણ એય ન વસમાં

વિજોગી વેળાને સહન કરવી શેં જગમાં?

બધું સૂનું સૂનું તુજ વિણ સખી, ક્યાં અવ જઉં?! (પૃ.૫૮)

પોતાની સખી વિના નિ:શ્વાસ નાખતો નાયક વંટોળની જેમ ફરતો અહીં તાદર્શ્ય થાય છે.

કવિએ 'આરત' જેવા કાવ્યમાં મનુષ્યની શ્રદ્ધા ડગી જાય પછી નાસીપાસ થયેલો કવિ – નાયક કોઇની પાસે – મિત્ર પાસે આશ્વાસની આશા સેવતો નજરે ચઢે છે.

"શ્રદ્ધા ડગે ઇશ ભણી, કરું આત્મઘાત?!
આશ્વાસનો નવ મળે- પળમાં ઘવાતો,
કોરે મને પ્રણય- ઠેસ તણી વ્યથાઓ,
ના મિત્ર કો'નયનના જલ લૂચનાર.(પૃ.૫૯)

તો, 'પરીવર્તન' જેવા કાવ્યમાં કવિએ પોતાના જીવનમાં આવેલા ઉન્નત પરિવર્તનોને ગુથ્યા છે. 'મરણ' જેવા કાવ્યમાં કવિએ પોતાના મૃત્યુની કલ્પના દ્વારા જીવનના સનાતન સત્ય મૃત્યુને કાવ્ય વિષય બનાવ્યો છે. પોતાના મૃત્યુ બાદ સગાવ્હાલની પ્રતિક્રિયા કેવી હશે? એ ભાવ સાથે અહીં સ્થૂળ જગતની ઝન્જાળમાંથી છૂટીને પરમાત્મામાં વિલીન થવાની વાત કાવ્યના કેન્દ્રમાં છે. તો બહ્માજીએ બનાવેલી – સર્જેલી સૃષ્ટિમાંથી કોઈ ખામી ન કાઢી શકે એવી કામના સાથે રજૂ થયેલું 'સંહાર કરવા' જેવા કાવ્યમાં કવિ શિવ અને વિષ્ણુના સંવાદ દ્વારા કાવ્યને જીવંતતા બક્ષી છે. તો, 'પુકાર' જેવા કાવ્યમાં કવિ દેવેન્દ્ર દવેએ રાધા-ગોપીના મનોભાવો-હૃદયલ્લાસો ગૂંથ્યા છે. અહીં એક ગોપી પોતાના પ્રિયતમના વિયોગમાં એવી તો ઝૂરી રહી છે કે એને પ્રકૃતિના તમામ તત્વોમાં પણ દુ:ખનો સહજ થાય છે. જુઓ;

"આ ચંદ્ર આજ મુંજને બમણું દઝાડે,
હૈયું રહ્યું ધખી ધખી કરતું પુકાર
તું આવ માધવ ! અહીં બસ એક વાર! (પૃ.૬૩)

તો, સંજીવની જેવા કાવ્યમાં કવિએ છાપું વાંચવાની એક સવારની નાનકડી ઘટના કાવ્યત્વ પામી છે. અહીં એક શહીદને એવોર્ડ મળવાની વાત કાવ્યમાં સજીવતા બક્ષે છે. **અને** 'વૃંદાવન વસી જાશું' જેવા કાવ્યમાં કવિએ રાધિકાની મનોવ્યથાને કાવ્યરૂપ આપ્યું છે. અહીં દેવકી અને જશોદા સિંહણ જેવી સાસું રાધિકાને કેવી રીતે જીવવું? તે પ્રશ્ન ખપમાં લઈને કવિએ નવોન્મેષ સર્જ્યો છે. કાવ્યન્તે કૃષ્ણ રાધાને માનવતા પ્રત્યક્ષ થાય છે. જુઓ;

"પ્રિયાતના લોચનને લૂછી શ્યામ વદ્યા માંડ-
'સખી! રે'શું આપણે બે દ્વારિકાના દ્વાર રે! (પૃ.૬૬)

તો, 'રાધિકાને SMS જેવા કાવ્યમાં કવિએ આધુનિકયુગ સંદર્ભે રાધિકા જોડે ગોષ્ઠી માંડવાની વાત કરી છે.

કવિ દેવેન્દ્ર દવે એ મૃત્યુને કેન્દ્રમાં રાખીને આ સંચયમાં કેટલાક કાવ્યો આપ્યા છે તેમાંનું એક 'ના અભરખો' પણ નોધપાત્ર છે. કાવયના પ્રારંભમાં પોતાના મૃત્યુ પછી પરિવાર જનો અને સ્વજનોની શી પ્રતિક્રિયા હશે? તે વચ્ચેની માર્મિક ભેદ રેખા તાણીને કાવ્યમાં નવોન્મેષ પ્રગટવ્યો છે. કાવ્યની અંતિમ પંક્તિઓમાં પુત્ર માત્ર દેખાડા પૂરતો સાબિત થયો, તેનાથી સૂખ નથી એવો સહજ ભાવ પણ કાવ્યના કેન્દ્રમાં છે. જુઓ;

"પછીના જન્મારે હવડ મુજને વાવ સરખો
ભલે રાખે પુત્રો વિહીન, પરભો! ના આભરખો!" (પૃ.૬૮)

તો, 'અશ્રુધારા' જેવા કાવ્યમાં કવિએ લાડકોડથી ઉછરેલી દીકરીને પછી સાસરઘરે જશે એવી કલ્પના માત્રથી કવિ મન કેવું વિહવળ બની જાય છે, કવિની આંખ માંથી ફૂટતી અશ્રુધારા લયાત્મક રીતે અવતરણ અમી છે. તો, પોતાના પુત્ર સાથેનો સંવાદ કવિએ 'ગિટાર શિખતા પુત્રને' જેવા કાવ્યમાં શબ્દસ્થ કર્યો છે. પોતાના પુત્રની કામનાઓ સૂરમાં કેવિક રેલાય છે તે સાથે અહીં કવિ પોતે ગિટાર-સંગીત ન શીખ્યાનો નિ:સાસો કાવ્યમાં સૂર પૂરે છે.

પોતાના લગ્નદિવસ જેવા શુભપ્રસંગને લઈને રચાયેલું કાવ્ય 'લગ્નની રજત જયંતિ' જેવા કાવ્યમાં શરૂઆતની કડીઓમાં લગ્ન દિવસની દરેક ક્ષણોને સ્મૃતિ ચિત્રમાં બરાબર સાચવીને આ કાવ્યમાં કંડારી છે તો, અંતમાં વીતી ગયેલા વર્ષો પછીની કેટલીક ઉધડો , પોતાની પત્ની સાથેની ગડેલી સુખદ ક્ષણો ગોષ્ઠી રૂપે અહીં પ્રગટ થઈ છે. પરંતુ અંતમાં સ્વજનો તરફનો કવિનો નિ:સાસો વ્યક્ત થયો છે.

"પાંખોને બળ સ્હેજસાજ મળતા આઘ્યે વસ્યા ભોળિયા
પચ્ચીસી આવ શી રહી ઉજવવી ?! થાલા શ્વસ્યાં ખોળિયાં. (પૃ.૭૧)

તો, 'તુજને વધાવું' જેવા કાવ્યમાં કવિએ પર્જન્યને વધાવવાની ઈચ્છા પ્રગટ કરી છે. કવિ પાસેથી વિષય વૈવિધ્યની તાજપ સ્પષ્ટ જોવા મળે છે, તેનું આ કાવ્ય પરિચાયક નીવડે છે.

'થઈ સાઠી પૂરી' જેવા કાવ્યમાં પોતાના જન્મ સમયના સંસ્મરણો સાથે અહીં અનેક પ્રસંગો કાવ્યના કેન્દ્રમાં છે. જેમકે- જન્મ વખતે બિડાયેલી મુઠ્ઠીમાં રહેલ જોસ્સો , મુગ્ધ શમણાં, આશાઓની સાથે અહીં આઠેય પહોર માતાના ખોળામાં વળગી રહેવાની વાત પણ કાવયના કેન્દ્રમાં છે તો, જીવનની વિડંબણાઓ દૂર કરવામાં સાથી પૂરી થવાનો ની:સાસો-અફસોસ પણ કવિના કેન્દ્રમાં છે.

કવિ દેવેન્દ્ર દવે 'લે ઠાર' જેવા કાવ્યમાં ચક્કા અને ચક્કીના પ્રતિક દ્વારા પ્રણયની વાત કરી છે. અહી........

'તોય રે' જેવા કાવ્યમાં કવિએ સાંપ્રતસમયના સ્વાર્થ, ઝેર વૃત્તિ, જેવા દૂરીતો વચ્ચે કેવી રીતે જીવાય? એવા પ્રશ્નના ઉત્તર રૂપે કાવ્યન્તે કવિએ કેવી રીતે જીવન વિતાવવું તેની સહજ ઉપાસના સેવી છે. જુઓ;

"અચલ શ્રદ્ધા દીપમાં ઝગમગી,
શ્રમનાં ગીતમાં, છલકતી પ્રીતમાં
શૂરના શૌર્યમાં શબ્દને સ્ધાતા સાધતાં
કો'ક અવધૂત શું દ્રઢ કરી મન હવે
જીવવું-જગતને ચાહતા...ચાહતા.." (પૃ.૯૦)

'તો, કયાઁ છે મેઘાણી' જેવા કાવ્યમાં કવિએ ગુજરાતના રાષ્ટિય શાયર ઝવેરચંદ મેઘાણીના ખાલીપાને ગૂંથ્યો છે, અહીં મેઘાનીના જીવન દર્શન અને તેમની જીવનની ખૂબીઓને કવિએ સહજ ઉપાસવી છે. જુઓ;

"પત્થર પૂછે, રડે પાળિયા : 'કયાઁ છે એ મેઘાણી?!
જેના પગલે જોમ પ્રગટતું, શબ્દોમાં સરવાણી..." (પૃ.૯૧)

તો, 'ફરફરતું ગીત ' અને 'નવલ કાવ્ય સરજાનું રે !' જેવા કાવ્યો પણ કવિની કલમે આગવું સોષ્ઠવ લઈને આવે છે. અહીં પ્રયોજયેલો લક્ષણાર્થ ભાવકને ભીંજવી જાય છે. તો, કાવ્ય સંચયનું છેલ્લું કાવ્ય ' સફળ થયા રે ફેરા...' જેવા કાવ્યમાં કવિ જન્મ-મરણના સફળ થયેલા સાત ફેરા સાથે આ જન્મના ફેરનો આનંદ વ્યક્ત કરે છે. આ જન્મમાં મળેલા હસતાં ચહેરાઓ મળ્યા તે પ્રીતિનિ વહાલપ વેરે છે. કવિ કહે છે કે-

"ઓળઘોળ આ કર્યું આયખું
જાણે ફાગણ તરસ્યા
શ્રાવનની મધરાતે તે દી'
અનરાધારે વરસ્યા!(પૃ.૯૩)

અહીં જીવન ગમે તેટલું જીવ્યા પણ આધારે જીવવાની ઈચ્છા – જીવનનો આનંદ લેવાની કવિની તીવ્ર ઈચ્છા પ્રગટ થઈ છે. "

આમ, કવિ દેવેન્દ્ર દવેના આ સંચયમાં શબ્દોની લાલીમા સ્પષ્ટ દેખાય છે. પ્રસ્તુત કાવ્યગ્રંથમાં પ્રકૃતિ, પ્રણય, મૃત્યુ, દંપતીજીવનની ઘટમાળ, સાંપ્રતસમયની વિડંબણાઓ, કૃષ્ણ-રાધા વિષયક કાવ્યો, ચિંતન કવિના અનેક કાવ્યોનાં કેન્દ્રમાં છે. જે કવિની સિદ્ધિ છે. કવિએ પ્રસ્તુત ગ્રંથમાં છંદોની ચુસ્તતા અને ભાવના  મરોડ દરેક કાવ્યનાં કેન્દ્રમાં છે. તેમનો આ કાવ્યસંચય ગુજરાતી સાહિત્યમાં બ.ક.ઠાકોરથી શરૂ થયેલી અને કાન્ત, સુંદરમ, ઉમાશંકર, રાજેન્દ્ર શાહ, ઉશનસ, જયંત પાઠક, સુધી વિસ્તરેલી સોનેટયાત્રામાં દેવેન્દ્ર દવેનું નામ પણ નોંધપાત્ર બનેશે!!